સર્ગ ૧૫

# વિશાળતર જ્ઞાનનાં રાજ્યો

અકાળ ઊંડાણોમાં ઊતરી ગયેલો અશ્વપતિ પાછો બહારનાં ક્ષેત્રોમાં આવ્યો. એકવારનું જોવાયેલું ને જિવાયેલું બધું દૂરદૂરનું બની ગયું. સાક્ષી પુરુષ ને એના જગતથી ઊર્ધ્વમાં એ અસીમ મૌનના પ્રદેશમાં ઊભો ને ભુવનો જેણે રચ્યાં છે તે શબ્દની રાહ જોવા લાગ્યો. એની આસપાસ હતી કેવળ જ્યોતિ, હીરા જેવી નિર્મળ નિત્યની દૃષ્ટિ. ત્યાં હતી એક અરૂપ ચેતના—મુક્ત, નિ:સ્પંદ, નિ:સંજ્ઞ ને નિર્બાધ, અસ્તિ અને આનંદમાત્રથી નિત્યતૃપ્ત. આત્માની અનંત ભૂમિકા પર કેવળ સત્ ત્યાં સ્વ શાંતિમાં નિવસતું હતું.

અશ્વપતિ મનના જગતમાંથી ઊંચે આરોહી પોતાના સ્વરૂપની નીરંગ વિશુદ્ધિમાં અવસ્થિત થયો. એ હતી અનિર્ધારિત આત્માની ભૂમિકા, જેમાં બધું અંત પામી જતું ને આરંભાતું. વિશ્વો વિલોકાય એવું ત્યાં વિશાળ શિખર હતું, સર્વજ્ઞતાનું સ્થાનક હતું, શાશ્વતની શક્તિને ભૂસકો મારવા માટેનું પાટિયું હતું, સર્વાનંદમયના ધામની એક શુભ્ર ભૂમિકા હતી. ત્યાં વિચાર પાર વિચરતો વિચાર આવતો, કાન ન સાંભળી શકે એવો નીરવ સ્વર સંભળાતો. જ્ઞાતા જ્યાં જ્ઞાત-સ્વરૂપ બની જાય છે તે જ્ઞાન ને પ્રિયા ને પ્રિયતમ જ્યાં એકરૂપ હોય છે એવો પ્રેમ ત્યાં હતો. અધ્યાત્મ જન્મનો જન્મ ત્યાં થતો, અનંત પ્રતિ થતા સાંતના સર્પણનો ત્યાં અંત આવતો. શાશ્વતતામાં કૂદી પડતા હજારો માર્ગ ત્યાં હતા, ગાતા ગાતા પ્રભુના પ્રકટ મુખડાને મળવા માટે તેઓ જતા.

હવે અશ્વપતિએ અજ્ઞેયના દરવાજા ઠોક્યા. અંતર્મુખી ઊંડી દૃષ્ટિ સાથે એક બનેલી બહિર્મુખી દૃષ્ટિથી જોતાં એણે પરમાત્માના મહિમાએ મહોજ્જ્વલ મહાલયો દીઠા, પ્રકાશમાન એકાત્માની બહુરૂપતાનાં દર્શન કર્યાં. હર્ષ ત્યાં હર્ષને ને પ્રેમ પ્રેમને પ્રત્યુત્તર આપતો હતો. બધાં જ ત્યાં પ્રભુના પરમાનંદનાં જંગમ ધામો હતાં. સર્વે શાશ્વત અને અનન્ય એકાત્મ સ્વરૂપમાં રહેતા. પ્રભુના સત્યનાં ત્યાં પ્રસ્ફોટનો થતાં હતાં. ત્યાંની વસ્તુઓ સત્યની શુદ્ધ અધ્યાત્મ આકૃતિઓ હતી. સંવેદના-માત્ર ત્યાં સુખનો સાગર હતો. સકલ સૃષ્ટિ પ્રકાશની પ્રક્રિયા હતી. ચૈત્યાત્માની તટસ્થતામાંથી તેની શાંતિનાં ને શક્તિનાં ક્ષેત્રોમાં એ સંચર્યો ને એણે વિશ્વ ઉપર વિરાજમાન ઓજ:સ્વરૂપો જોયાં. સૃષ્ટ વસ્તુઓનું શિખર ને વિશ્વના વિવર્તોનું સર્વસમર્થ મૂળ ત્યાં એણે ઢૂંઢ્યું. કાળનાં પહોંચ પારની દૃષ્ટિએ હવે એ પહોંચ્યો.

ત્યાં અવસ્થિત થયેલો રાજા આદ્ય સ્રષ્ટાઓનો ને દ્રષ્ટાઓનો સમોવડ બની ગયો. અનેકરૂપી એકતાસ્વરૂપ પરાત્પર સત્યમાં એણે ગતિ કરી. ત્રિકાળ ત્યાં બાધકતા ને ભેદ ઊભો કરતો નહોતો. આત્માની એક જ દૃષ્ટિમાં એ આવી જતો. વિશ્વ-વ્યાપી સૌન્દર્યે ત્યાં મુખદર્શન દીધું. રૂપ પાછળ રહેલા અર્થોએ પોતાનો અમર મેળ આગળ કર્યો. સામાન્ય વસ્તુઓના ચમત્કારક ગ્રંથની ચાવી રાજાને મળી. મૌન જ્યાં ઘૂમરીઓ લેતાં ભુવનોના લયવાહી છંદને સુણવાં કાન માંડે છે ત્યાં એણે ત્રિવિધ અગ્નિનાં સત્રો સેવ્યાં. સત્યતાનો વણબોલાયેલો અવાજ એણે સાંભળ્યો, અમોઘ શબ્દનું જન્મસ્થાન જોયું. અંતઃસ્ફુરણાત્મક સૂર્યનાં રશ્મિઓમાં એણે નિવાસ કર્યો. વિશ્વ સ્વપ્નની સોનેરી ધારે એ આરોહ્યો, અવિકારી સત્યને પટે પહોંચ્યો, અવર્ણનીય આલોકની સીમાઓના સમાગમમાં આવ્યો અને અનિર્વચ-નીયના સાન્નિધ્યથી રોમાંચિત થઈ ગયો.

ઉપરની દિશે અશ્વપતિએ જાજ્વલ્યમાન શ્રોણીઓ જોઈ, બ્રહ્માંડને સેવતી પાંખો, સૂર્ય જેવાં નયનોવાળા સંરક્ષકો, સુવર્ણ નારસિંહી સ્વરૂપ, અનશ્વર ઈશ્વરો વિલોકયા. સર્વજ્ઞતાને નિષેવતું જ્ઞાન ત્યાં નીરવ ને નિષ્ક્રિય બેઠેલું હતું. એ નહોતું નિર્ણય આપતું, નહોતું માપ કાઢતું કે નહોતું જાણવા મથતું કેવળ એ સર્વદર્શી વિચાર માટે પારના શાંત સાદની પ્રતિ કાન દઈ રહ્યું હતું.

જાણવું શકય છે તે સર્વના શિખર પર રાજા પહોંચ્યો હતો. સૃષ્ટિનું શૃંગ અને આધારનો પાયો—ઉભયની પાર એની દૃષ્ટિ પહોંચી ગઈ હતી. એની આગળ ભભૂકતાં ત્રિગુણ સ્વર્ગોએ પોતાના સૂર્યોને પ્રકટ કર્યા, તમોગ્રસ્ત પાતાળોએ પોતાની ભીષણતા ઉઘાડી પાડી. એક અંતિમ ગુહ્ય સિવાયનું સર્વ રાજાને દૃષ્ટિગોચર થયું. અજ્ઞેયે પોતાની કિનારી લગભગ પ્રકાશમાં આણી દીધી.

અશ્વપતિના આત્માની અનંતતાઓએ બહાર આવવાનો આરંભ કરી દીધો. છૂપા વિશ્વે એને સાદ કર્યો. શાશ્વતીઓએ શાશ્વતીઓને બોલાવવા માંડી ને વાણી વગરના સંદેશા પાર પાર પાઠવવા લાગી. ઊંડાણોની આશ્ચર્યમયતામાંથી ઊઠેલી ને પારના ચૈતન્યની ઊંચાઈઓએ પ્રજ્વલતી શકિતઓ પર શકિતઓ સંયુકત થતી ને એકાત્મસ્વરૂપ બની જતી. એ સર્વે જીવનસમસ્તને સુસંવાદી બનાવી દેતી ને આખા અસ્તિત્વ પર પોતાનો વિરાટ અધિકાર સ્થાપતી. અશ્વ-પતિનેય એ રાજત્વનો એક અંશ બનાવી દેવામાં આવ્યો. ઈચ્છાનુસાર એ નિત્ય-નિર્નિદ્ર જ્યોતિમાં નિવાસ કરતો બની ગયો.

એ પ્રદેશ એટલો'તો ઊંચો હતો કે અસત્ય ત્યાં કદી પ્રવેશ કરી શકતું નહોતું. સર્વ ત્યાં ભિન્ન હોવા છતાં બધું જ ત્યાં એક છે. અવ્યકતસ્વરૂપના મહાસાગરમાં વ્યકતપુરુષ વિશ્વાત્મામાં લંગરાયેલો રહીને વિચરે છે. વિશ્વશકિતનાં પ્રબળ પ્રયાણો એને પુલકિત કરે છે. એની પ્રવૃત્તિઓ પ્રભુની પારાવાર શાંતિની સહ-ચરીઓ બની ગયેલી હોય છે. દેહ ત્યાં દેહીને સમર્પિત થયેલો હોય છે. ચેતના ત્યાં

ગાઢ વણાટના વાણાતાણા જેવી છે. આત્માવકાશમાં ત્યાં દૂરનું ને નજીકનું એકાકાર બની જાય છે. ક્ષણોના ગર્ભમાં સમસ્ત કાળ ત્યાં આવેલો છે. વિચાર પરચેતનનો પડદો ચીરી નાખે છે. એકાત્મકતામાંથી ફેંકાતી જ્વાલા જેવી ત્યાંની દૃષ્ટિ છે. જીવન આત્માની એક અદ્ભુત યાત્રા છે ને ભાવ છે વિશ્વવ્યાપી આનંદની લહરી.

બ્રહ્મશક્તિના ને બ્રહ્મજ્યોતિના રાજ્યમાં રાજા અશ્વપતિ અનંતતાના ગર્ભમાંથી આવેલો હોય એવો નવજાત ને નિ:સીમ બની ગયો. અકાલ-બાલના જ્ઞાનની વૃદ્ધિ એને પ્રાપ્ત થઈ. સત્વર સૂર્યમાં પરિણામ પામતી બૃહત્તા એ બની ગયો. એક જ્યોતિર્મય મહામૌન એના હૃદયમાં કર્ણે જપ કરવા લાગ્યું. એનું જ્ઞાન અંતરનાં ઊંડાણોની અગાધતામાં વ્યાપ્યું. એની બાહ્યદૃષ્ટિને કોઈ ક્ષિતિજ અવરોધી શકતી નહોતી. સર્વની અંદર એ વિચારતો ને ભાવાનુભવ કરતો. એની દૃષ્ટિમાં પ્રભાવ આવ્યો હતો. અપ્રકાશ્ય સાથે એનો આત્મા અનુસંધાન સાધતો. વિશાળતર ચૈતન્યધારી સત્ત્વો સાથે એનું સખ્ય હતું. અદ્ભુતાકાર સૂક્ષ્મ સત્ત્વો એની સમીપ આવતાં. જીવનના પડદા પાછળના દેવો એની સાથે સંલાપ કરતા. એનો આત્મા પ્રકૃતિનાં ઉત્તુંગ શૃંગોનો પડોશી બની ગયો. આદિ શક્તિએ એને પોતાની ગોદમાં લઈ લીધો. એનું મસ્તિષ્ક પ્રકાશથી પ્લાવિત થઈ ગયું. સર્વગ્રાહી જ્ઞાને એના હૃદયને બંદીવાન બનાવી દીધું. મનુષ્યના મનથી ધારી ન શકાય એવા વિચારો ને નાડી-પ્રણાલીમાં કદી વહ્યાં ન હોય એવાં બલો એનામાં પ્રવૃત્ત થયાં. અધિમનસનાં રહસ્યોનું એણે નિરીક્ષણ કર્યું. પરમાત્માના પરમાનંદને એણે પોતાની અંદર પધરાવ્યો. સૂર્યના સામ્રાજ્યની સીમાઓ ઉપર એ સંચરવા લાગ્યો. અલૌકિક સંવાદિતાઓ સાથે એનો લયમેળ રચાયો. સૃષ્ટિને સનાતન સાથ એણે સંયોજી દીધી. રાજા અશ્વપતિના સ્વભાવના અંતર્વંત અંશો એમની પરાકાષ્ઠાએ પહોંચી ગયા. એનાં કર્મો દેવોની પ્રવૃત્તિઓનો ઢાળો બન્યાં. એના સંકલ્પે વિશ્વ-શક્તિનો દોર હાથમાં લીધો.

બીજું પર્વ સમાપ્ત